



# સરકારને હચમચાવી દે તેવી ઇન્વેસ્ટિગેટિવ સ્ટોરી...

**પગરવ**

★ પ્રશસ્ત પંડ્યા

છેલ્લા દોઢ દાયકા દરમિયાન પત્રકારત્વનું સ્તર આપણા દેશમાં જોયું, તેનાથી ઘણાં લોકોનો પત્રકારત્વ પરથી જાણે વિશ્વાસ ઊઠી ગયો હતો. કૉર્પોરેટ જગતની માલિકીના પત્રકારત્વમાં નાગરિકોની નિસબતનો ખ્યાલ પાછળ છૂટી રહ્યો હતો. ડિજિટલ મીડિયા આવ્યું, તેમાં પત્રકારોને સ્વતંત્રતાથી પોતાનો મત મૂકવાની તક તો મળી; પરંતુ હજુય મેઈનસ્ટ્રીમ જર્નાલિઝમની અસર વ્યાપક છે - પછી તેમાંથી કેટલાંક મીડિયા હાઉસને 'ગોદી મીડિયા'થી કેમ ન ઓળખાતાં હોય! પત્રકારત્વના કટોકટીના આ દોરમાં 'ધ ઇન્ડિયન એક્સ્પ્રેસ'ના રિતિકા ચોપરા દ્વારા થયેલી સ્ટોરીએ જાણે પત્રકારત્વમાં ફરી જીવ રેડી દીધો છે અને એક મજબૂત અહેવાલની અસર શું થઈ શકે છે તે પણ આ સ્ટોરી થકી આપણે સૌ કોઈએ જોયું. દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સંબંધિત રિતિકા ચોપરાની આ સ્ટોરીથી છેલ્લાં વર્ષોમાં થયેલી ચૂંટણીઓ પર પણ શંકા જાગી છે. અગાઉથી જ ઈલેક્શન કમિશન 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (SIR) અને કરોડો મતદાતાઓનાં નામ કમી કરવાને લઈને શંકાના દાયરામાં આવી ચૂક્યું હતું પરંતુ રિતિકા ચોપરાની સ્ટોરીએ સાબિત કરી આપ્યું કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે લીધેલા નિર્ણયો તેમની મનમાની હતી. જ્ઞાનેશકુમારે ચૂંટણી કમિશનમાં તેમના જ સમકક્ષ રહેલા અન્ય બે ચૂંટણી કમિશનરોની અગત્યના નિર્ણયો લેવામાં કોઈ સહમતિ લીધી નહોતી. આ અહેવાલથી હોબાળો મચ્યો અને કેન્દ્રમાં સત્તાસ્થાને બેસનારા શાસક પક્ષ પર પણ આ અહેવાલના છાંટા ઊડ્યા છે. રિતિકા ચોપરાના અહેવાલથી ખરડાયેલી છબિને સરકાર ચોખ્ખી કરવા મથી રહી છે પરંતુ લોકશાહી અને સરકાર પર લાગેલા ડાઘ જલદીથી જાય એમ નથી. 'ધ ઇન્ડિયન એક્સ્પ્રેસ'ની આ સ્ટોરીથી જેમ તેની વ્યાપક અસર પહોંચી છે, તેમ દેશમાં અનેક આવી સ્ટોરી થઈ છે, જેનાથી સરકાર બેકફૂટ પર આવી હોય અને તે સ્ટોરીની લાંબા ગાળાની અસર સરકારની છબિ પર થઈ હોય. દેશ અંગ્રેજોથી આઝાદ થયો તે પછી દેશમાં લાંબા ગાળા સુધી અખબારોની પ્રતિષ્ઠા અકબંધ રહી, તેનું કારણ દેશના અનેક અખબારોનો જન્મ આઝાદીની લડત અર્થે થયો હતો. તેમાં મુખ્યત્વે ઉદ્દેશ્ય આઝાદી અને નાગરિકોની જાગૃતિનો હતો. આ દોર ચાલ્યો તેમાં સૌથી શોકિંગ કહેવાય તેવી ઇન્વેસ્ટિગેટિવ સ્ટોરી આવી તે 'ધ ઇન્ડિયન એક્સ્પ્રેસ'માં. આ વર્ષ 1979-1980 હતું અને તે સ્ટોરી હતી બિહારમાં આવેલા ભાગલપુરમાં આરોપીઓની આંખ ફોડવાની ઘટના. આ સ્ટોરી કરનારા પત્રકાર કૃષ્ણા મહાજન હતા અને તે વખતે આ સ્ટોરીનું માર્ગદર્શન કરનારા જાણીતા પત્રકાર અરુણ શૌરી હતા. બન્યું હતું એમ કે બિહારના ભાગલપુરમાં જે આરોપીઓની ધરપકડ થઈ હતી, તેમની આંખો પોલીસે એસિડ નાખીને ફોડી નાખવાના કિસ્સા બની રહ્યા હતા. આ સ્ટોરી અંગે પહેલાં તો થોડીક વિગત અરુણ શૌરી પાસે આવી હતી. તેની તપાસ તેમણે પટનાના તત્કાલીન ઇન્સ્પેક્ટર જનરલ પાસે કરાવી પરંતુ તેમણે આ અંગે કશુંય કહેવાનો ઇનકાર કરી દીધો. આ રીતે આંખો ગુમાવનારા ગુનેગારોની સંખ્યા 31 જેટલી હતી. આ ન્યૂઝ જ્યારે બ્રેક થયા ત્યારે આખા બિહારમાં હોહા થઈ ગઈ અને પોલીસે તે અંગે જવાબ આપવો પડ્યો હતો. આ સ્ટોરીથી અનેક અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અહીંયા એવી જ સ્ટોરીની ચર્ચા કરી છે, જેનાથી દેશમાં વ્યાપક ચર્ચા જાગી હોય અને તેની અસર પણ એ રીતે વ્યાપક થઈ હોય. એવી એક અન્ય સ્ટોરી, જેનાથી 1987ના અરસામાં વડા પ્રધાન રહેનારા રાજીવ ગાંધીની સરકાર પર આફત આવી હતી.





બોફોર્સ કાંડની ચર્ચા આજ દિન સુધી ચાલે છે. કેન્દ્રની સરકાર પર ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા હોય તેવું આ પ્રથમ ઇન્વેસ્ટિગેશન હતું. આ પૂરા કિસ્સામાં ઘટના એમ હતી કે સ્વીડનની શસ્ત્ર કંપની બોફોર્સે ભારતીય સૈન્યને બોફોર્સ તોપનો સોદો કરવા માટે 80 લાખ ડૉલરનું કમિશન ચૂકવ્યું હતું. આ કમિશન ભારતમાં નેતા કે કોઈ મંત્રીને ચૂકવાયું છે તેવી ખબર સૌ પ્રથમ સ્વીડનના રેડિયો પર આવે છે. તે પછી દેશમાં 'ધ ઇન્ડિયન એક્સ્પ્રેસ' અને 'ધ હિંદુ' અખબારોએ તેની અનેક ફોલોઅપ સ્ટોરી કરી, જેમાં આ પૂરા પ્રકરણમાં શું-શું થયું હતું તેનો વિગતવાર અહેવાલ આ બંને અખબારો એક પછી એક પ્રકાશિત કરી રહ્યાં હતાં. ઇન્દિરા ગાંધીની હત્યા પછી વડા પ્રધાન બનનારા રાજીવ ગાંધીની 'મિ. ક્લિન'ની છબિ આ પૂરા પ્રકરણથી ધોવાઈ ગઈ. આ મુદ્દે જ 1989માં રાજીવ ગાંધીની સરકારને હાર મળી અને વડા પ્રધાન તરીકે વિશ્વનાથ પ્રતાપ સિંહ આવ્યા હતા.

**બોફોર્સ કાંડની ચર્ચા આજ દિન સુધી ચાલે છે. કેન્દ્રની સરકાર પર ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા હોય તેવું આ પ્રથમ ઇન્વેસ્ટિગેશન હતું. આ પૂરા કિસ્સામાં ઘટના એમ હતી કે સ્વીડનની શસ્ત્ર કંપની બોફોર્સે ભારતીય સૈન્યને બોફોર્સ તોપનો સોદો કરવા માટે 80 લાખ ડૉલરનું કમિશન ચૂકવ્યું હતું. આ કમિશન ભારતમાં નેતા કે કોઈ મંત્રીને ચૂકવાયું છે તેવી ખબર સૌ પ્રથમ સ્વીડનના રેડિયો પર આવે છે**

બોફોર્સનો આ મુદ્દો અનેક વર્ષો સુધી કૉંગ્રેસને પરેશાન કરતો રહ્યો. 1992માં દેશમાં ઉદારીકરણ નીતિનો અમલ કર્યો અને તે પછી શૅરબજારમાં રોકાણનો ફ્લો વધવા લાગ્યો. પરંતુ હજુય તે સમયે શૅરબજારને નિયંત્રિત કરવાની વ્યવસ્થામાં અનેક મર્યાદાઓ હતી. આ મર્યાદાનો લાભ તે વખતે હર્ષદ મહેતા નામના સ્ટોકબ્રોકરે ઉઠાવ્યો હતો. આ ન્યૂઝ સૌથી પહેલાં 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં પ્રકાશિત થયા હતા અને આ સ્ટોરીને બ્રેક કરનારાં પત્રકાર સુચેતા દલાલ હતાં. હર્ષદ મહેતા બૅન્કોનાં નાણાંનો ઉપયોગ કરીને શૅરબજારમાં શૅરની કિંમત કૃત્રિમ રીતે વધારતા હતા. આ રીતે તેઓ મસમોટો પ્રોફિટ લઈને ગેરરીતિ કરતા હતા. 1992ના સમયમાં આજે જે બૅન્કિંગ વ્યવસ્થા છે તેવી ટેક્નોલોજીની રીતે એડવાન્સ સ્ટેજમાં પહોંચી નહોતી. હર્ષદ મહેતા તે સમયે બૅન્કોમાં થતાં નાણાંની હેરાફેરીની રસીદ મેળવીને તેનાથી મસમોટી રકમ સ્ટોક એક્સચેન્જમાં રોકાણ કરતા હતા. તે પછી જે શૅરબજારમાં નાણાંનું રોકાણ હર્ષદ મહેતા કરે, તેના ભાવ ઊંચા જાય. આ રીતે કૃત્રિમ રીતે શૅરના ભાવને ઉતારી-ચઢાવીને હર્ષદ મહેતા તેમાં પોતાનો ભાગ મેળવી લેતા હતા. તેનાથી અનેક લોકોના પૈસા ડૂબ્યા અને જ્યારે આ કૌભાંડની વિગત 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' દ્વારા પ્રકાશમાં આવી ત્યારે તેની અસર કેન્દ્રની સરકાર સુધી પહોંચી હતી. તત્કાલીન કેન્દ્ર સરકારના મંત્રી પી. ચિદમ્બરમને પણ આ કૌભાંડના કારણે રાજીનામું આપવું પડ્યું હતું. આ રીતે કોઈ પણ ઇન્વેસ્ટિગેશન સ્ટોરી આવે ત્યારે સામાન્ય રીતે અપેક્ષા એવી હોય કે જેમના પર આરોપ લાગ્યા હોય, તેઓ આ વિશે કશી સ્પષ્ટતા કરે પરંતુ એવું જોવા મળ્યું છે કે આ પ્રકારની સ્ટોરીઝ અંગે



કોઈ પણ સરકાર કે રાજકીય આગેવાન ખૂલીને બોલતા નથી. આવી જ એક સ્ટોરી દિલ્હી સ્થિત બે પત્રકાર રામ બહાદુર રાય અને રાજેશ જોશીએ બ્રેક કરી હતી. આ સ્ટોરી 'જનસત્તા' અને 'ધ ઇન્ડિયન એક્સ્પ્રેસ'માં પ્રકાશિત થઈ હતી. આ સ્ટોરી આવી ત્યારે દિલ્હીના અનેક નેતાઓનાં નામ તેમાં સંડોવાયા. મૂળે વાત એમ હતી કે જૈન બ્રધર્સ તરીકે ઓળખાતા ત્રણ ઉદ્યોગપતિ ભાઈઓએ દેશના અનેક રાજકીય નેતાઓ અને અધિકારીઓને હવાલા દ્વારા નાણાં આપ્યાં હતાં. આ રીતે હવાલા દ્વારા અપાતાં નાણાં લેનારામાં હિઝબુલ મુઝાહિદ્દીનનો એક આતંકવાદી પણ હતો. 'સીબીઆઈ' (આજે ઈડીની જેમ તે વખતે સીબીઆઈનો ખોફ હતો) દ્વારા થયેલી પૂછપરછમાં આ વિગત પ્રકાશમાં આવી હતી. એવું કહેવાય છે કે જૈન બ્રધર્સ દ્વારા નેતાઓને આપેલી રકમનો આંકડો પચાસ હજારથી સાડા સાત કરોડ સુધી પહોંચતો હતો. આ પૂરા પ્રકરણમાં જેમનાં નામ ખૂબ ઉછળ્યાં તેમાં એલ. કે. અડવાણી, વી. સી. શુક્લ, દેવી લાલ, શરદ યાદવ, બલરામ ઝાખડ અને મદનલાલ ખુરાના હતા. આ પ્રકરણમાં નાણાં લેવામાં આરોપ લાગ્યો હતો તેમાં મુખ્યત્વે ત્રણ પક્ષો હતા : ભાજપ, કૉંગ્રેસ અને જનતા દળ. એલ. કે. અડવાણી જ્યારે આ કૌભાંડના ન્યૂઝ આવ્યા અને તેમાં તેમનું નામ આવ્યું એટલે તેમણે રાજીનામું આપી દીધું હતું. ઇન્વેસ્ટિગેટિવ પત્રકારત્વમાં અહીંયા જે સ્ટોરી આપી છે તે સિવાય પણ અનેક સ્ટોરી આવી શકે. શબ્દમર્યાદાના કારણે કેટલીક જ સ્ટોરી અહીંયા લીધી છે. બીજું કે જે સ્ટોરી નથી લીધી, તેનું મહત્ત્વ ઓછું આંકી શકાય તેવું પણ નથી. 2001ના અરસામાં આવી એક મજબૂત ઇન્વેસ્ટિગેટિવ સ્ટોરી 'તહેલકા' મેગેઝિને કરી હતી.

આ સ્ટોરી થઈ હતી ત્યારે કેન્દ્રમાં એનડીએની સરકાર હતી અને વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી હતા. એ દરમિયાન એક શસ્ત્ર કંપની સાથે કરાર કરવાને લઈને તત્કાલીન ભાજપના પ્રમુખ બંગારુ લક્ષ્મણને લાંચ આપવામાં આવી હતી. 'તહેલકા' મેગેઝિનના પત્રકારે આ પૂરું પ્રકરણ કેમેરામાં કેદ કર્યું હતું. તે પછી બંગારુ લક્ષ્મણે ભાજપનું પ્રમુખપદ છોડવું પડ્યું હતું. દેશમાં ભ્રષ્ટાચાર ક્યાં સુધી વ્યાપ્યો હતો અને તે કેવી રીતે થાય છે તે પ્રથમ વાર લોકોએ ઑન કેમેરા જોયું.